# Std 9 Gujarati Textbook Solutions Chapter 3 જ્યાં જ્યાં વસે એક ગુજરાતી

**Class 9 Gujarati Textbook Solutions Chapter 3 જ્યાં જ્યાં વસે એક ગુજરાતી Textbook Questions and Answers**

**સ્વાધ્યાય**

**પ્રશ્ન. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

પ્રશ્ન 1. સદાકાળ ગુજરાત ક્યાં જોવા મળે છે?

(A) જ્યાં એક પણ ગુજરાતી રહેતો નથી.

(B) જ્યાં અન્ય પ્રદેશના લોકો જ રહે છે.

(C) જ્યાં એક પણ ગુજરાતીએ વસવાટ કર્યો છે.

(D) જ્યાં માત્ર પરદેશીઓ જ વસે છે.

ઉત્તર:

(C) જ્યાં એક પણ ગુજરાતીએ વસવાટ કર્યો છે.

**પ્રશ્ન 2. આ કાવ્યમાં ગુજરાતીઓ જંગલમાં મંગલ કેવી રીતે કરે છે?**

(A) વૃક્ષો વાવીને

(B) નાચ-ગાન કરીને

(C) જંગલમાં વસવાટ કરીને

(D) મહેનત પ્રત્યેના પ્રેમના કારણે

ઉત્તર:

(D) મહેનત પ્રત્યેના પ્રેમના કારણે

**પ્રશ્ન 3. કવિ આ ધરતીને કોની કહે છે?**

(A) શ્રીકૃષ્ણની

(B) સ્વામી દયાનંદની

(C) દાદાભાઈ નવરોજીની

(D) ઉપરના A – B – C ત્રણેયની

ઉત્તર:

(D) ઉપરના A – B – C ત્રણેયની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 4. કવિના હૃદયમાં શેનો વૈભવ રચાય છે?**

(A) સ્નેહનો

(B) શૌર્યનો

(C) સત્યનો

(D) ઉપરના A – B – C ત્રણેયનો

ઉત્તરઃ

(D) ઉપરના A – B – C ત્રણેયનો

**પ્રશ્ન 5. નીચેનામાંથી કયો શબ્દ 'પ્રફુલ્લ'નો સમાનાર્થી છે?**

(A) ઉદાસ

(B) આનંદ

(C) હતાશ

(D) નિરાશ

## 2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1.** દેવોના ઉપવનસમી અમીરાત કોને પ્રાપ્ત થાય છે?

ઉત્તર :

જેના હૃદયમાં ગુજરાત વસેલું છે, તેને દેવોનો ઉપવન સમી અમીરાત પ્રાપ્ત થાય છે.

## 3. નીચેના પ્રશ્નનો પાંચ-છ વાક્યોમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. આ કાવ્યના આધારે ગુજરાતીની વિશેષતા જણાવો.**

ઉત્તર :

ગુજરાતીની વિશેષતાઃ ગુજરાતીઓ જગતના ખૂણે ખૂણે વસેલા છે, ત્યાં પણ ગુજરાત છે. તેઓ ગુજરાતી ભાષા તેમજ ગુજરાતની રીતભાત ભૂલ્યા નથી. તેઓ પોતાની મહેનતથી જંગલમાં પણ મંગલ કરે છે. તેઓ આ રીતે ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખે છે; તેનું જતન કરે છે. તેઓ તેને સ્નેહ, શૌર્ય અને સત્યથી સંચિત કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in